જન્મ લઇ ચૂકેલા જીવને મૃત્યુ સિવાય કોઇ જ ભય નથી
- વાલ્મિકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૫ ૪ જુલાઇ ૨૦૧૨, બુધવાર, અષાઢ વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# સરકારી વાહનનો અંગત ઉપયોગ મોંઘો થયો

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૩ ગુજરાત સરકારના વહીવટમાં મોંઘવારીની અસર વર્તાવા લાગી છે. રાજ્યની પ્રજા પેટ્રોલ, ડિઝલ અને સીએનજીના ભાવવધારાનો કડવો ડોઝ સહન કરી રહી છે ત્યારે સરકારે તેના અધિકારી અને કર્મચારી માટે સરકારી તેમજ ભાડાના વાહનોના માઈલેજ ભથ્થાંના દરમાં સુધારો કર્યો છે. તે વધારી દેવામાં આવ્યા છે.

જેઅધિકારી કેકર્મચારી ભાડાનું વાહન સરકારી કામ માટે વાપરે તેના દરો વસૂલ કરવા સરકારમાં દાવો કરવાનો રહે છે, જ્યારે કોઈપણ વાહનનો અંગત કે ખાનગી ઉપયોગ કરવામાં આવે તો તેના દરો સરકારને ચૂકવવાના હોય છે.

સરકારી કામ માટે ભાડાનું કે પોતાનું વાહન વાપરે તેવા ક્લાસ વન અને ક્લાસ ટુ અધિકારીઓને પ્રતિ કિલોમીટર ભથ્થું ચૂકવવામાં આવે છે. જો વાહન પેટ્રોલનું હોય તો પ્રતિ

● અનુસંધાન પાન-૭ પર

**સરકારને પણ મોંઘવારી નડી, અધિકારીઓ માટે પેટ્રોલ, ડિઝલ અને સીએનજી વાહનોનાં માઈલેજ ભથ્થાંમાં વધારો કરી દેવાયો**

**ભાડાનાં વાહનનાં તેમજ અધિકારીના પોતાના વાહનનું ઈંધણ ભથ્થું નક્કી કરાયું,સરકારી વાહનના માઈલેજના દરોમાં વધારો**

**VICEROY INFOTECH**

માં ડેટા Proof Readingના કામ માટે છોકરીઓ જોઈએ છે.
૨૦૮, સુમન ટાવર,
સેક્ટર-૧૧, ગાંધીનગર
(મળવાનો સમય : ૧૦ થી ૬)
મો. નં. ૮૩૪૭૫૨૨૬૦૭
મો. નં. ૮૩૪૭૫૨૪૬૯૫

**ઘેરબેઠા કામ**

હાઉસ વાઈફ, બીઝનેશમેન, સ્ટુડન્ટ, રીટાયર્ડ, બ્યુટીશીયન, મહિને પાંચથી પચ્ચાસ હજાર કમાઓ.
તા. ૪-૭-૧૨, બુધવારે
સમય ૪-૦૦ થી ૬-૦૦
સ્થળ : હોટલ મેકડોનાલ્સ
આશ્રમ રોડ, સીટીમેક્સ સિનેમાની સામે, સિમિનાર, અમદાવાદ
સંપર્ક : ૯૭૧૨૩૧૧૬૯૮





ગાંધીનગરમાં પાણી પુરવઠાની વ્યવસ્થા વધુ સુદ્દઢ બનાવવા માટે તંત્રએ પુરજોશમાં કામગીરી હાથ ધરી છે. નવા સેક્ટરોમાં પાણી પુરવઠો પુરા ફોર્સથી મળી રહે તે માટે મોટી પાણીની પાઈપલાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે. ઘ-૩ પાસે કામગીરી ચાલી રહી છે. કામગીરીના ભાગરૂપે ઘ-૩ સર્કલ પણ ખોદી કાઢવામાં આવ્યું છે જેના કારણે ટ્રાફીકની સમસ્યા ઊભી થઈ છે.... વાવોલ તરફનો અને જુના ગાંધીનગર તરફનો માર્ગ બંધ કરવામાં આવ્યો છે.... એટલે ના છૂટકે દરેક વાહનો વન-વે ચાલી રહ્યા છે... ટ્રાફીક જામ થઈ રહ્યો છે.... એમાંય ખાસ કરીને કચેરી સમય દરમિયાન તો જાણે કેમ કરીને નીકળવું તે જ- સમજાતું નથી....




# ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,
## ગાંધીનગરના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સામાન્ય ચૂંટણી-૨૦૧૨નું જાહેરનામું

**નમુનો-૧**
**(જુઓ નિયમ-૧૬)**

ગાંધીનગર જિલ્લા કલેક્ટરની કચેરીના હુકમ નં. સીબી/એડીએમ-૨/વશી.૧૧૨૧ થી ૧૧૨૩ / ૨૦૧૨, તા. ૨૮-૫-૨૦૧૨થી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ગાંધીનગર, સેક્ટર-૨૫, ગાંધીનગરના સામાન્ય ચૂંટણી માટે કલમ-૧૪૫(ખ) અન્વયે અમોને અધિકૃત કરવામાં આવેલ છે. તેથી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબત નિયમો-૧૯૮૨ના નિયમ-૧૬થી મળેલ સત્તાની રૂએ..

હું પ્રકાશ મકવાણા, ચૂંટણી સત્તાધિકારી અને પ્રાંત અધિકારી, ગાંધીનગર આથી જાહેર કરૂં છું કે, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ગાંધીનગરના નામે ઓળખાતી સહકારી સમિતિના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ૧૨ (બાર) સભ્યોની ચૂંટણી થવાની છે જે પૈકીમાંથી ૪-ચાર ડિરેક્ટર મહિલા સભ્યો ચૂંટાવાના રહેશે. અને આ સાથેની અનુસુચિના કોલમ-૧માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળો (જેનો આમાં હવે પછી ''સંબંધિત મતદાર મંડળ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની ચૂંટણી સંબંધમાં-

A (ક) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના અનુ. નં. ૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય સંબંધિત મતદાર મંડળ સામે અનુ. નં. ૨માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરે છે.

B (ખ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના અનુ. નં. ૩માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારી પત્રો તૈયાર કરવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામેના કોલમ-૩માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર તૈયાર કરી શકાય તે સ્થળ તરીકે નક્કી કરેલ છે.

C (ગ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના અનુ. નં. ૪માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં મળેલા ઉમેદવારી પત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ નક્કી કરેલ છે.

D (ઘ) સબંધિત મતદાર મંડળ સાથે સદરહુ અનુસૂચિના અનુ. નં. ૫માં નિર્દીષ્ટ કરેલ તારીખ અને સમયને સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના તારીખ અને સમય અને સબંધીત મતદાર મંડળ સામે અનુક્રમ નં. ૫માં નિર્દીષ્ટ કરેલ સ્થળનો મળેલા ઉમેદવારીપત્રોની ચકાસણી માટેના સ્થળ તરીકે નક્કી કરે છે.

E (ચ) સંબંધીત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અનુ નં. ૬માં નિર્દીષ્ટ કરેલ તારીખને માન્ય ઉમેદવારી પત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરે છે.

F (છ) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અનુ. નં. ૭માં નિર્દીષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

G (જ) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અનુ નં. ૮માં નિર્દીષ્ટ કરેલ તારીખને સબંધિત મતદાર મંડળ સબંધમાં હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિદ્ધિની તારીખ તરીકે નક્કી કરે છે.

H (ઝ) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અનુ નં. ૯માં નિર્દીષ્ટ કરેલ તારીખને જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ગાંધીનગરના સભ્યોની ચૂંટણી કરવાનું જરૂરી હોય તો જે તારીખ તે કરવાની હોય તે તારીખ તરીકે નક્કી કરે છે.

I (ટ) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અનુ નં. ૧૦માં નિર્દીષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નક્કી કરે છે.

J (ઠ) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અનુ નં. ૧૧માં નિર્દીષ્ટ કરેલ તારીખ, અને સમયને કોલમ-૧૨માં નિર્દીષ્ટ કરેલ સ્થળને મતગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

K (ઢ) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અનુ નં. ૧૩માં નિર્દીષ્ટ કરેલ તારીખને મતદાનના પરીણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરે છે.

**ચૂંટણી સત્તાધિકારી,**
**ગાંધીનગર સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,**
**ગાંધીનગર**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

**બિડાણ : અનુસૂચિ**

**નમુનો-૧**
**ચૂંટણીની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે,

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના બોર્ડ ઓફ ડિરેક્ટરની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ના કામે નીચેની વિગતે કાર્યક્રમ બહાર પાડવામાં આવે છે.

| અ.નં. | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ઉમેદવારીપત્રો મેળવવાની માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૯-૭-૨૦૧૨<br>સમય : ૧૧-૦૦ થી ૩-૦૦ કલાક દરમિયાન<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૨ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ (ભરીને પરત આપવા માટેની) (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૯-૭-૨૦૧૨<br>સમય : ૧૧-૦૦ થી ૩-૦૦ કલાક સુધી<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૩ | મળેલા ઉમેદવારીપત્રોની પ્રસિદ્ધિની તારીખ | જે તારીખે મળે તે તારીખે ૧૮-૦૦ કલાકે<br>સ્થળ : (૧) પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર.<br>(૨) મામલતદાર કચેરી, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૪ | ઉમેદવારીપત્રોની ચકાસવાની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૧૦-૭-૨૦૧૨<br>સમય : ૧૧-૦૦ કલાક થી<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૫ | માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૧૨-૭-૨૦૧૨<br>સમય : ૧૨-૦૦ કલાકે |
| ૬ | ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાની તારીખ, સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૧૭-૭-૨૦૧૨<br>સમય : ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૭ | હરીફ ઉમેદવારોની છેવટની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૧૭-૭-૨૦૧૨<br>સમય : ૧૬-૦૦ કલાકે |
| ૮ | મતદાન જરૂરી હોય તો તેની તારીખ અને સ્થળ | તારીખ : ૨૭-૭-૨૦૧૨<br>સ્થળ : સભાખંડ, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સેક્ટર-૨૫, ગાંધીનગર |
| ૯ | જે સમય દરમિયાન મતદાન થશે તે સમય | સમય : ૯-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી |
| ૧૦ | મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૨૭-૭-૨૦૧૨, સમય : ૧૫-૩૦ કલાકથી,<br>સ્થળ : સભાખંડ, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સેક્ટર-૨૫, ગાંધીનગર |
| ૧૧ | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ : ૨૭-૭-૨૦૧૨, મતગણતરી પછી તરત જ |

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૩-૭-૨૦૧૨
નં. પીઓ/એડીએમ/ચટણ/વશી.૨૨૦૨થી૨૨૦૫/૨૦૧૨
પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી
બીજો માળ, જિલ્લા સેવા સદન,
સેક્ટર-૧૧, ગાંધીનગર

સહી/-
ચૂંટણી સત્તાધિકારી
ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ.,
ગાંધીનગર
અને
પ્રાંત અધિકારી, ગાંધીનગર